ભાજપ-જેડીયુ ગઠબંધનનો આખરે અંત

પટણા,તા. ૧૬

છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ખેંચતાણ બાદ જેડીયુએ આજે આખરે ભાજપ સાથે ૧૭ વર્ષ જુના ગઠબંધનનો અંત આણી લીધો હતો. આની સાથે જ એનડીએમાંથી બહાર નીકળી જવાની પણ જેડીયુએ જાહેરાત કરી હતી. જેડીયુની બેઠકમાં આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. આ ગઠબંધનને જાળવી રાખવાના છેલ્લી ઘડીના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. પટણામાં જેડીયુ અધ્યક્ષ શરદ યાદવ અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પત્રકાર પરિષદમાં ભાજપ સાથે છેડો ફાડી લેવાની જાહેરાત કરી હતી. હવે ૧૯મી જૂનના દિવસે ખાસ સત્ર બોલાવીને વિશ્વાસ મત મેળવવામાં આવશે. ભાજપના ૧૧ પ્રધાનોને સરકારમાંથી દૂર કરવાની ભલામણ પણ કરાઈ છે. પત્રકારો સાથે વાતચીત કરી લેતા શરદ યાદવે કહ્યુ હતુ કે૧૭ વર્ષથી ગઠબંધન ધર્મના ધારાધોરણ જેડીયુ દ્વારા પાળવામાં આવ્યા હતા. હવે ભાજપ જે રસ્તા પર છે તે રસ્તા પર જેડીયુ ચાલી શકે તેમ નથી આ જ કારણસર પાર્ટીએ એનડીએથી અલગ થવાની જાહેરાત કરી છે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે કહ્યુ હતુ કે ગઠબંધન તોડીનાંખવાની તેમને ફરજ પાડવામાં આવી છે. પત્રકાર પરિષદમાં યાદવે એમ પણ કહ્યુ હતુ કે ભાજપ સાથે ૧૭ વર્ષ જુના સંબંધ હતા. આની જાળવી રાખવાના પ્રયાસ કરાયા હતા. પરંતુ અમે મૂલ્યો સાથે બાંધછોડ કરવાની સ્થિતિમાં નથી. એનડીએ હવે રાષ્ટ્રીય એજન્ડાથી જુદા એજન્ડા પર છે. આવી સ્થિતિમાં સાથે ચાલી શકાય નહીં. આવી સ્થિતિમાં સાથ રહેવાની સ્થિતિમાં પણ ભાજપ અને જેડીયુ બંનેને ફાયદો થશે નહીં. આવી સ્થિતિમાં જુદા થઈ જવાની બાબત વધારે મહત્વપૂર્ણ છે.

ભાજપમાં નવા દોરની શરૂઆત થઈ ચુકી છે. અમે ભાજપમાં આવેલા આ નવા દોરથી અસ્વસ્થ નથી પરંતુ અમે આ દોર સાથે ચાલવા માંગતા નથી. નીતિશે ભાજપના ક્વોટામાથી બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીના કામ ન કરવાના મામલે કહ્યુ હતુ કે મંત્રી રહીને કામ ન કરવાની બાબત સારી નથી. નીતિશકુમારે ૧૯મી જુનના દિવસે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવ્યુ છે. તે દિવસે વિધાનસભામાં વિશ્વાસ મત મેળવવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે પરિણામ જે કાંઈ પણ રહે અમે ચિંતિત નથી. મૂલ્યો સાથે કોઈ બાંધછોડ કરવામાં નહીં આવે. નીતિશે કહ્યુ હતુકે ભાજપથી અલગ થવાની તેમને અને તેમની પાર્ટીને ચિંતા નથી. બિહારના મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે તેઓએ રાજ્યપાલ સમક્ષ તેમની સરકારમાંથી ભાજપના ૧૧ પ્રધાનોને દૂર કરવાની ભલામણ કરી દીધી છે કારણ કે તેઓએ તેમની ફરજ અદા કરી નથી. ભાજપના પ્રધાનો મંત્રાલયની અંદર કઈ રીતે રહી શકે છે. ઘણી વિનંતી કરાઈ હોવા છતાં ભાજપના પ્રધાનો કામ પર પરત ફર્યા ન હતા. રવિવારના દિવસે કેબિનેટની બેઠકમાં પણ હાજરી આપી ન હતી.

ગઠબંધન તૂટવા માટે નરેન્દ્ર મોદી જવાબદાર : અડવાણી

નવી દિલ્હી,તા. ૧૬

ભાજપ અને જનતાદળ યુનાઈટેડ વચ્ચે છેલ્લા ૧૭ વર્ષથી ચાલતા ગઠબંધનનો અંત આવી ગયા બાદ ભાજપના વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણી પણ નારાજ દેખાઈ રહ્યા છે. જનતાદળ યુનાઈટેડ અને ભાજપ વચ્ચે સંબંધોનો અંત આવી ગયા બાદ અડવાણીએ આ અંગે પ્રતિક્રિયા કરતા કહ્યુ હતુ કે બંને પાર્ટી વચ્ચે સંબંધ તુટી જવા માટે સીધી રીતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જવાબદાર છે. અડવાણીએ આજે સવારે ભાજપ પ્રમુખ રાજનાથસિંહ સાથે ફોન પર વાતચીત કરી હતી. સૂત્રોના જણાવાયા મુજબ વાતચીત દરમિયાન અડવાણીએ કહ્યુ હતુ કે ગોવામાં નરેન્દ્ર મોદીના મામલે નિર્ણય ઉતાવળમાં લેવામાં આવ્યો હતો. આજ કારણસર જનતાદળ યુનાઈટેડ સાથે સંબંધોનો અંત આવી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગોવા થયેલી રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં મોદીને પ્રચાર સમિતિના વડા બનાવવામાં આવ્યા હતા. આ નિર્ણય અડવાણીની ગેરહાજરીમાં લેવામાં આવ્યો હતો. આનાથી નારાજ થઈને અડવાણીએ રાષ્ટ્રીય કારોબારી, પ્રચાર સમિતિ, સંસદીય બોર્ડમાંથી રાજનામુ આપી દીધુ હતુ. અલબત્ત એનડીએના ચેરમેન પદ, લોકસભાના સભ્યપદે અને પાર્ટીની પ્રાથમિક સભ્ય પદેથી અડવાણીએ રાજીનામા આપ્યા ન હતા. બે દિવસ બાદ સંઘ પ્રમુખ મોહનભાગવતની દરમિયાનગીરી બાદ અડવાણીએ રાજીનામુ પરત ખેંચી લીધુ હતુ. ભાજપ અને જનતાદળ યુનાઈટેડ વચ્ચે સંબંધોનો અંત આવી ગયા બાદ હવે અડવાણી પણ નાખુશ દેખાઈ રહ્યા છે. જો કે મોદીના મામલે ભાજપ કોઈ પણ બાંધછોડ કરવા તૈયાર નથી. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ અડવાણીએ તેમના રાજીનામા અંગેના પત્રો પાછા ખેંચતા ખુશી વ્યક્ત કરી હતી. અડવાણીના નિર્ણયનું સ્વાગત કરીને મોદીએ સોશિયલ નેટવર્કીંગ સાઈટ પર કહ્યુ હતુ કે અડવાણી લાખો કાર્યકરોને નારાજ નહીં કરશે તેમ અમે પહેલાથી જ માની રહ્યા હતા. જો કે અડવાણીએ ફરી એકવાર તેમની નારાજગી વ્યક્ત કરી હતી. મોદી અને અડવાણી વચ્ચે પણ છેલ્લા ઘણા સમયથી સંબંધોમાં તીરાડ આવી ચુકી છે . ગોવા કારોબારીમાં અડવાણી ઉપસ્થિત ન રહેતા મોદીના સમર્થકોએ અડવાણીના આવાસ પર દેખાવો પણ કર્યા હતા.

ચૂંટણી પૂર્વે કોંગ્રેસમાં પણ ધરખમ સંસ્થાકિય ફેરફાર

નવી દિલ્હી,તા. ૧૬

કોંગ્રેસે આજે વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા પક્ષમાં ચાવીરૂપ હોદ્દાઓમાં ફેરફારની જાહેરાત કરી હતી. પત્રકાર પરિષદમાં બોલતા પક્ષના વરિષ્ઠનેતા જનાર્દન દ્વિવેદીએ કોંગ્રેસ માટે ૧૨ જનરલ સેક્રેટરી અને ૪૨ સેક્રેટરીની જાહેરાત કરી હતી.

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી અગ્રણી સંસ્થાઓ પર નજર રાખશે અને તેમની જવાબદારી સંભાળશે. જ્યારે પક્ષના વરિષ્ઠનેતા દિગ્વિજયસિંહ આંધ્રપ્રદેશ, કર્ણાટક અને ગોવાના જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. અજય માંકન, સીપી જોષી, અંબિકા સોની, શકિર અહેમદ અને ગુરુદાસ કામત, એઆઈસીસીના નવા જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. માકન કોંગ્રેસ મીડિયા સેલનું નેતૃત્વકરશે. તેઓ કોમ્યુનિકેશન વિભાગ તરીકે સક્રિય રહેશે. જ્યારે અહેમદ પટેલ સોનિયા ગાંધીના રાજકીય સચિવ રહેશે. અંબિકા સોની તેમની ઓફિસના ચાર્જમાં જનરલ સેક્રેટરી રહેશે. મધુસુદન મિસ્ત્રીને ઉત્તરપ્રદેશનો ચાર્જ આપવામાં આવ્યો છે. શકીલ અહેમદને દિલ્હી, હરિયાણા, પંજાબ અને ચંદીગઢના જનરલ સેક્રેટરી તરીકે નિમવામાં આવ્યા છે. મોતીલાલ વોરા ખજાનચી તરીકે કામ કરશે. અહેમદ પટેલ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર તરીકેની ફરજ અદા કરશે. હરિપ્રસાદ ચંદીગઢ, ઝારખંડ અને ઓરિસ્સાની જવાબદારી સંભાળશે. આમા ભક્ત ચરણદાસ, શુભશંકર સરકાર અને તારાચંદ મદદ કરશે. સીપી જોષી પશ્ચિમ બંગાળ, આસામ અને અંદબાદ નિકોબારમાં જવાબદારી સંભાળશે. ઓકસાર ફર્નાન્ડિઝ, વિલાસ મુત્તામવર,ગુલામનબી આઝાદ, બિરેન્દરસિંહને જનરલ સેક્રેટરી તરીકે પડતા મુકવામાં આવ્યા છે. યુપીએ કેબિનેટમાં ફેરફારની પણ સંભાવના દેખાઈ રહી છે.

ભારત ૫,૦૦૦ કિ.મી. સુધી મિસાઇલનો નાશ કરી શકશે

નવીદિલ્હી,તા.૧૬

ભારતની મિસાઈલ રક્ષા પ્રણાલી સંરક્ષણ પ્રણાલી વધુ શક્તિશાળી બનનાર છે. કારણ કે દુશ્મન દ્વારા ૫,૦૦૦ કિ.મી.નાં અતંર સુધી પ્રહાર કરનાર મિસાઈલોનો નાશ કરવાની ક્ષમતા તે વિકસીત કરી રહ્યું છે. આમ કરવાથી ચીન જેવા દેશો તરફથી ઉભા થતાં સંભંવિત જોખમને પહોંચી વળાશે.

સંરક્ષણ અનુસંધાન તથા વિકાસ સંગઠન (ડીઆરડીઓ) બેલિસ્ટિક મિસાઈલ સંરક્ષણ (બીએમડી) કવચ કાર્યક્રમ હેઠળ આ ક્ષમતાનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. જેનો પ્રથમ તબક્કો શક્ય છે કે દિલ્હીમાં તૈનાત થવા માટે તૈયાર છે.

ડીઆરડીઓનાં પ્રમુખ અવિનાશચંદ્રએ જણાવ્યું હતું કે બીએમડી કાર્યક્રમનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ચુક્યો છે. તેની હેઠળ બેલિસ્ટિક મિસાઈલ સંરક્ષણ કવચ ૨૦૦૦કિ.મી.નાંઅંતરથી આવનારા દુશ્મનનાં મિસાઈલનો નાશ કરી શકે છે. તેને આગળ વધારતા ડિઆરડીઓ બીજા તબક્કામાં બીએમડીની ક્ષમતામાં વધારો કરી રહ્યું છે. જેથી ૫,૦૦૦ કિ.મી. દુરથી આવનારા હુમલાખોર મિસાઈલનાં જોખમને પહોંચી શકાય. આ મહિનાની શરૂઆતમાં હવાલો સંભાળનાર અવિનાશચંદ્રએ જણાવ્યું હતું કે અમે ઝડપથી કાર્યક્રમનાં બીજા તબક્કાનું પ્રથમ પરિક્ષણ કરવાની યોજના બનાવી રહ્યા છે. તેની હેઠળ અમે અમારા ૫,૦૦૦ કિ.મી. અંતરથી પ્રહાર કરનારા બેલિસ્ટિક મિસાઈલનો નાશ કરવાની ક્ષમતા ચકાશીસું.

સમગ્ર ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદ

ચારધામનાં યાત્રાળુઓ ફસાયા : ૩નાં મોત નિપજ્યાં

દહેરાદૂન,તા.૧૬

સમગ્ર ઉત્તરાખંડમાં આખી રાત વરસેલા વરસાદના કારણે એક મકાન તૂટી પડવાના કારણે ૩ લોકોનાં મૃત્યુ નિપજ્યાં છે. ચારધામ યાત્રાના હજારો તીર્થયાત્રાળુઓ ગંગોત્રી અને યમુનોત્રી માર્ગોમાં ફસાઈ ગયા છે. ભારે વરસાદના કારણે ઉત્તરકાશી જિલ્લામાં જમીન ધસી પડવાનાં બનાવો નોંધાયા છે તથા નદીઓમાં ભારે પુર આવ્યા છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આજે જણાવ્યું હતું કે ભારે વરસાદના કારણે પ્રેમનગર વિસ્તારમાં આજે સવારે એક મકાન તુટી પડવાના કારણે ૩૦ વર્ષની એક વ્યક્તિ ૨૬ વર્ષની તેની પત્ની અને ૧૦ વર્ષના તેના પુત્ને ગંભીર ઈજા પહોંચી છે. તેમને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે નજીકના હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ તેમણે ત્યાં પ્રાણ ત્યજી દીધા હતા.

આ દરમિયાન હિમાલયના તીર્થસ્થાનો ગંગોત્રી અને યમુનોત્રી તરફ વધી રહેલા હજારો તીર્થયાત્રીઓ જુદા-જુદા સ્થળો પર જમીન ધસી પડવાના બનેલા બનાવને કારણે માર્ગમાં ફસાઈ ગયા છે. પિપલામંડી, બરાકી તથા નૌલૂયાની વિસ્તારમાં જમીન ધસી પડવાના બનાવો બન્યા છે.

ઉત્તરકાશી જિલ્લામાં હોટલો અને ધર્મશાળાઓમાં ચારધામની યાત્રા કરવા આવેલા યાત્રાળુઓની ભારે ભીડના કારણે રૂમ મળી શકતા નથી. જેના પરિણામે યાત્રાળુઓએ લાઈન્જમાં તંબુ તાણવાની ફરજ પડી છે. ખરાડીમાં યમુના નદીમાં ભારે પુર આવવાના કારણે એક મકાન તુટી પડ્યું હતું. પરંતુ કોઈને ઈજા પહોંચી નથી. આ ઘરમાં રહેતો પરિવાર પહેલા જ મકાન છોડી જતો રહ્યો હતો. ભારે પુરના કારણે કેડી ધામી તથા યમુના પુલ પર યમુનોત્રી જનાર માર્ઘ ધોવાઈ ગયો છે.

આસિગંગામાં પુર આવવાના કારણે ગંગોત્રી માર્ગ પર સંગમ છતી નજીક ગણેશપુર રોડ તથાડિગલાપુલ પાણીમાં વહી ગયો છે. રાજ્ય કટોકટી વ્યવસ્થા તથા પુનર્વાસ મંત્રી યશપાલ આર્યએ જણાવ્યું હતું કે વહીવટીતંત્ર કોઈપણ મુશ્કેલીને પહોંચી વળવા માટે સંપૂર્ણ પણે સજ્જ છે. તેમણે જણાવ્યું હતું કે ગંગા તથા ભગીરથી જેવી નદીઓના કિનારે રહેતા લોકો અને ફસાયેલા તીર્થ યાત્રાળુઓને સુરક્ષિત સ્થાને લઈ જવામાં આવ્યા છે. આર્યએ જણાવ્યું હતું કે સામા સડક સંગઠન પણ વરસાદને નુકસાન પામેલી સડકનું સમારકામ કરી રહ્યું છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે દહેરાદૂનમાં વધુમાં વધુ ૨૨૦મિમી, ઉત્તરકાશીમાં ૧૨૯મિમી, ટિકરીમાં ૧૨૨ મિમી તથા હરદ્વારમાં ૧૦૭ મિમી વરસાદ થયો હોવાના સમાચાર મળ્યા છે.

કેન્દ્રીય કેબિનેટમાં આજે ફેરફાર

કેન્દ્રિય કેબિનેટમાં ફેરફાર વેળા નવા ચહેરાઓને તક મળે તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૧૬

કેન્દ્રીય કેબિનેટમાં આવતીકાલે ફેરફાર કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કેન્દ્રીય કેબિનેટની સંભવિત ફેર રચનાને લઈને જોરદાર લોબી શરૂ થઈ ચૂકી છે. અન્ય કેન્દ્રિય પ્રધાન સીપી જોષીએ પણ કેન્દ્રિય કેબિનેટની ફેરરચના પહેલા જ આજે રાજીનામુ આપી દીધુ હતુ. સરકારમાંથી રાજીનામુ આપનાર સીપી જોષી બીજા પ્રધાન બન્યા છે. જોષી અને માકેન બંનેના રાજીનામા સ્વીકારી લેવામાં આવ્યા છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અજય માંકેને રાજીનામું આપી દીધા બાદ અટકળો વધુ તીવ્ર બની ગઈ છે. એવું જાણવા મળી રહ્યું છે કે કેન્દ્રીય કેબિનેટમાંફેરફાર મંગળવારના દિવસે કરવામાં આવશે. કેબિનેટમાં ફેરફાર કરતી વેળા વડાપ્રધાન મનમોહનસિંહ કેટલાક યુવા નેતાઓને વધારે તક આપે તેવી શક્યતા છે. આ ઉપરાંત તેમને મહત્વપૂર્ણ ખાતાઓ પણ સોંપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. લોકસભાની ચૂંટણી યોજાય તે પહેલા મનમોહનસિંહ કેબિનેટમાં છેલ્લા ફેરફાર તરીકે આને જોવામાં આવે છે. એવું જાણવા મળી રહ્યું છે કે લોકસભાની ચૂંટણીનજીક છે ત્યારે સંસ્થાકીય માળખાને મજબૂત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. મનમોહનસિંહ તેમના પ્રધાનમંડળમાં રહેલી કેટલીક ખાલી જગ્યાઓને ભરવા માટે પણ ઉત્સુક છે. સિંહ પોતે કહી ચૂક્યા છે કે કેબિનેટમાં કેટલીક જગ્યાઓ છે. આ જગ્યાઓને ભરવા માટે વિચારણા ચાલી રહી છે. કેન્દ્રીય પ્રધાન પી કે બંસલ અને અશ્વીની કુમારના રાજીનામા બાદ કેન્દ્રીય કેબિનેટમાં જગ્યા પડી હતી. રેલવે લાંચ કાંડના અનુસંધાનમાં બંસલે રેલવે મંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું. તેમના ભત્રીજા અને રેલવે બોર્ડના સભ્યને આવરી લેતા કૌભાંડ બાદ બંસલને રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. જ્યારે બીજી બાજુ કુમારને કોલસા બ્લોક ફાળવણી કૌભાંડ અંગે સીબીઆઈના તપાસ અહેવાલમાં સુધારા કરવાના મામલે કાયદામંત્રી તરીકે રાજીનામું આપવાની ફરજ પડી હતી. રેલવે ખાતુ હાલમાં માર્ગઅનેપરિવહન પ્રધાન સી પી જોષી પાસે છે. વધારાની જવાબદારી સી પી જોષી સંભાળી રહ્યા છે. જ્યારે કાયદા મંત્રાલયની જવાબદારી વધારાની જવાબદારી તરીકે કપીલ સિબ્બલ સંભાળી રહ્યા છે. પુનઃ રચના હેઠળ જે પ્રધાનો બે ખાતા સંભાળે છે તે પૈકી એક ખાતું આંચકી લેવામાં આવશે. ડીએમકે અને ટીએમસી સરકાર ટેકો પાછો ખેંચી ચૂક્યા છે જેથી ઘણી જગ્યાઓ ખાલી થઈ છે. ડીએમકેના પાંચ પ્રધાનોએ આ વર્ષે ૨૦મી માર્ચના દિવસે રાજીનામા આપ્યા હતા. તેમની પાસે નાણાં, વાણિજ્ય અને ઉદ્યોગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા સમાજિક ન્યાય મંત્રાલયમાં ગૃહરાજ્ય મંત્રી તરીકેની જવાબદારી હતી. જ્યારે એમકે અલાગીરી રસાયણ અને ખાતર માટેના કેબિનેટ પ્રધાન હતા.

જે પ્રધાનો પાસે હાલમાં વધારાની જવાબદારી છે તેમની પાસેથી વધુ જવાબદારી આંચકી લેવાશે

તાતા ગ્રુપની માર્કેટ વેલ્યુમાં ૨૫૦૦૦ કરોડનું ગાબડુ

નવી દિલ્હી,તા. ૧૬

છેલ્લા સપ્તાહે તાતાએ ૨૫૦૦૦ કરોડની માર્કેટમૂડી ગુમાવી હોવાનું જાણવા મળ્યુ છે. તાતા ગ્રુપને તેની માર્કેટ વેલ્યુએશનમાં મોટુ ગાબડુ પડતા ખળભળાટ મચી ગયો છે. આશરે ૩૦ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ વેલ્યુમાં ભારે ઉથલપાથલ જોવા મળી છે. તાતા ગ્રુપની માર્કેટ વેલ્યુમાં ૨૫૦૦૦ કરોડનું ગાબડુ પડ્યુ છે. એક સપ્તાહ અગાઉ આ ગ્રુપની માર્કેટ વેલ્યુએશનનો આંકડો ૫૧૦૦૦૦ કરોડની આસપાસનો હતો. માર્કેટ વેલ્યુમાં જે કંપનીઓમાં મોટા ગાબડા પડ્યા છે તેમાં તાતા મોટર્સ, ટીસીએસ, તાતા સ્ટીલ, તાતા પાવર, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે.ગ્રુપની સૌથી મોસ્ટ વેલ્યુએડ કંપની ગણાતી ટીસીએસની માર્કેટ મૂડીમાં ૪૦૦૦ કરોડનું ગાબડુ પડ્યુ છે. તેની માર્કેટ મૂડી ૨૮૪૦૦૦ કરોડની આસપાસની રહી છે. જ્યારે તાતા મોટર્સની માર્કેટમૂડીમાં ૯૦૦૦ કરોડનો ઘટાડો થયો છે. તથા તેની માર્કેટ મૂડી ઘટીને ૮૮૨૦૦ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે ટાઈટને ૪૫૦૦૦ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. તાતા સ્ટીલ અને તાતા પાવરે છેલ્લા સપ્તાહ દરમિયાન ૨૦૦૦ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. દેશમાં તમામ લીસ્ટેડ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડી બે લાખ કરોડ સુધી ઘટી ગઈ છે જેથી આ આંકડો ૬૪.૫ લાખ કરોડ નોંધાયો છે. ટીસીએસ દેશની મોસ્ટ વેલ્યુએડ કંપની તરીકેનો તાજ જાળવી રાખવામાં સફળ થઈ છે. ઓએનજીસી, રિલાયન્સ જેવી મહાકાય કંપનીઓ કરતા તેની માર્કેટ મૂડી વધારે નોધાઈ છે.

સમાચાર ઝલક

- ♥ કોંગ્રેસને મજબૂત બનાવવા રેલ્વે પ્રધાન સી.પી. જોશી અને રમતગમત પ્રધાવ અજય માકનનું પ્રધાનપદેથી રાજીનામું.
- ♥ ગુડગાંવમાં પાંચ વર્ષની બાળકી પર દુષ્કર્મ.
- ♥ મુંબઇમાં વરસાદે જમાવટે કરી, આખું શહેર પાણી પાણી.
- ♥ જેટ-વિમાનની ખરીદીના કરાર ઉપર પ્રતિબંધ.
- ♥ ૯૫ વર્ષીય નેલ્સન મંડેલાની તબિયત સુધરી રહી છે.
- ♥ જી-૮ની બેઠક પહેલાં પ્રદર્શન દેખાવો.
- ♥ વટવા જીઆઇડીસીમાં મજૂર મશીનમાં ફસાઇ જતાં કરૂણ મૃત્યુ.
- ♥ બાપુનગરના વિધાનસભાના સભ્ય રાજપુતને ખંડણી અંગે ધમકી મળી.
- ♥ ગોંડલના અડધો કલાકમાં ભારે પવન, વાવાઝોડા સાથે મુશળધાર વરસાદ.
- ♥ ભૂસ્ખલન અને વાતાવરણ બગડતાં ચારધામની યાત્રામાં રૂકાવટ.
- ♥ પાકિસ્તાનમાં ક્વેટામાં બોમ્બ બ્લાસ્ટથી ૨૨ વ્યક્તિઓનાં મોત.
- ♥ જૂનાગઢની નદીઓ, ડેમો ઓવરફ્લો.
- ♥ તા. ૧૮મી એ આયોજન પંચ સાથે મીટીંગમાં ગુજરાતની ૨૦૧૩-૧૪ની વાર્ષિક યોજના મજૂર થશે.
- ♥ અમદાવાદ-નડિયાદ વચ્ચે અકસ્માતમાં ૩નાં કરૂણ મોત.
- ♥ પેટ્રોલના ભાવ વધતાં તમામ ક્ષેત્રે ભાવ વધશે, ગૃહિણીઓનાં ઘરનાં બજેટમાં મુશ્કેલી વધશે.
- ♥ પંજાબના સંગરૂર ગામમાં મહિલા પર એસિડ ફેકાયો.
- ♥ બૌદ્ધ ધર્મના લોકોએ વિશ્વ શાંતિ માટે દલાઇલામા સાથે પ્રાર્થના કરી.
- ♥ અફઘાનિસ્તાનમાં મસ્જિદમાં બ્લાસ્ટથી ૮ વ્યક્તિઓનાં મોત.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

'સફળ જીવનનાં રહસ્યો' પુસ્તકના લેખક રાકેશ ગુપ્તા આમ તો એક સફળ ઉદ્યમી છે. પરંતુ તેમણે વિજ્ઞાપન, મીડિયા, મેડિકલ, શિક્ષણ, રિયલ એસ્ટેટ વગેરે ક્ષેત્રોમાં વિભિન્ન પ્રકલ્પો દ્વારા ખ્યાતિ મેળવી છે. આધ્યાત્મિક તેમજ સામાજિક સાધના ટી.વી. ચેનલ, સાધના ન્યૂઝ, સાધના મેડીકેપરના ૧૫ ડાયગ્નોસ્ટિક સેન્ટરોની શૃંખલા, સાધના એકેડેમી ફોર મિડીયા સ્ટડીઝ, સાધના ડેવલપર્સ વગેરે સાધના સમુહના તેઓ પ્રણેતા છે અને મેગેઝિંન ડાયરેક્ટરના રૂપા કુશળ પ્રબંધન ને કારણે પ્રગતિની દિશામાં અગ્રેસર છે. તેઓ પોતાની એક 'સોશિયલ કોર્પોરેટ રીસ્પોન્સિબિલીટી'ને ધ્યાનમાં લેતાં 'સાધનાકુંજ' ના માધ્યમ દ્વારા નિરાક્ષિત અને અનાથ બાળકોને સુશિક્ષિત અને સુસંસ્કારિત બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. તેમણે પોતાના અનુભવો તથા અનેક સંત મહાત્માઓ અને મહાન વ્યક્તિઓની સાથે થયેલી વૈચારિક આદાન પ્રદાનને આધારે આ સુંદર પુસ્તક લખ્યું છે. જેની સુંદર છપાઇ, ગમી જાય તેવું મુખપૃષ્ઠ અને ખરીદી શકાય તેવી ખીસ્સાને પરવડે તેવી કિંમતે પુસ્તકરૂપે ભેટ ધર્યું છે. ત્યારે લેખક અને પ્રકાશક બંનેના આ સુંદર પ્રયાસને બિરદાવી અભિનંદન પાઠવું છું.

સફળ જીવનના રહસ્યો
લેખક : રાકેશ ગુપ્તા
પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન્સ
૩૦, બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્સ, જૂન્ મોડેલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૨૦૦૧
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨
પૃષ્ઠ-૧૨૭, કિંમત : રૂા. ૧૦૦/-
સંપર્ક સૂત્ર : ૯૮૨૫૦૫૭૯૦૫

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

પેલા ધનિકની આંખમાં પડળ ઊઘડી ગયાં. એ આ વૃદ્ધાને પગે લાગ્યો. મા હું ખરેખર કંગાળ છું. તે મને પ્રેમ આપ્યો. મને ન્યાલ કરી દીધો.

ઈસુએ એ માણસને કહ્યું : હવે તારે આ ખરીદવાની જરૂર નથી. શાંતિ ખરીદવી છે?

ઈસુના ચહેરા સામે જોઈને ધનિક, બોલ્યો : ના, મને હવે શાંતિ પણ મળી ગઈ.

આ કથા ખરેખર બની છે કે કેમ એ ખબર નથી. પણ રોજબરોજ બનતી હોય છે. ખરેખરાં માતાપુત્ર વચ્ચે પણ બને છે? દીકરો છે એટલે મા એને વહાલ કરે છે. દીકરો કમાઈને લાવે છે, એટલા માટે નહીં. માનો પ્રેમ અતોનાત હોય છે. પુત્રનાં પ્રેમના પ્રેમને સીમા હોય છે.

એક વાર એક મા-દીકરા વચ્ચે ઝઘડો થયો. દીકરાએ કહ્યું : તે મને મોટો કર્યો, એ તારો ઉપકાર. પણ એમાં તે જે કાંઈ કર્યું એ બધાનો બદલો હું ચૂકવી દઈશ. બોલ, મારી પાછળ તેં કેટલો ખર્ચ કર્યો? કેટલાં મારાં કપડાં પાછળ ખર્ચ્યા, કેટલા મારા જમવા પાછળ ખર્ચ્યા, કેટલા દવાદારૂમાં ગયા, બધું લખાવ. હું, વ્યાજ સાથે તને ચૂકતે કરી દઈશ લખાવ...

'લખાવું તો ખરી, દીકરા, પણ ક્યાંથી લખાવું?'

'કેમ? જન્મ્યો ત્યારથી. પહેલાં દિવસથી દૂધ પાયું' તું અને પછી ખોળામાં લઈ તારી સામે જોઈ હરખનાં આંસુ વહાવ્યાં હતા. બોલ. એ દૂધ કેટલા રૂપિયે લીટર લખીશ? અને આ આંસુનાં ટીપાંની ક્યા કોમ્પ્યુટર પર ગણતરી કરીશ અને પ્રત્યેક ટીપા માટે કેટલા સિક્કા આપીશ?

પુત્રનો બધો જ રોષ ઉતરી ગયો. એણે માતાના ખભે માથું મૂકી દીધું અને ફ્રુસકે ફ્રુસકે રડતા કહ્યું : મને માફ કર મા, મારાથી ગુસ્સામાં બોલાઈ ગયું.

આપણે કલાકોનાં કલાકો જીવનની, વ્યવસાયની, ઈશ્વરની અધ્યાત્મની વાતો કર્યા કરીએ છીએ. કોઈ ક્ષણે મા વિશે અનાયાસ વાત કરીએ ત્યારે એ વાત અમતત્વ પામે છે. મા શબ્દ ઉચ્ચારાય અને એક ઉજાસ પથરાય છે. માનો ખ્યાલ આવે કે ચિત્ત મંજાઈને ઝળાંહળાં થઈ ઉઠે છે. ચમત્કારના અનુભવ માટે બહુ દૂર જવાની જરૂર નથી. 'મા' શબ્દ ઉચ્ચારીએ અને ચમત્કાર થાય છે.

દુનિયાના એકએક માણસના જીવનમાં આ ચમત્કાર બને છે. સર્જકો, કલાકારો, વૈજ્ઞાનિકો, રાજપુરૂષો કે ચિંતકો આ ચમત્કારને પોતાની રીતે પામે છે. આ સૌ માની વાત કરે છે ત્યારે પોતાના બધા જ અચંળા ઉતારી દે છે. મા સત્યનો સૂર્ય છે. તેથી સામે ઉપરછલ્લું ઝાકળ ટકી રહેતું નથી. માનો વિચાર આપણને 'એક્સ-રે'ની માફક આરપાર જોઈ શકે છે. સમગ્રને બેનકાબ કરી દે છે.

મા શબ્દ કોઈ સર્જકના હૃદયમાં ઊગે ત્યારે રચાતો કંપ કાગળ પર અસર પાડે છે. ત્યારે, આ ચમત્કાર સ્થિરતા પામે છે. આ ચમત્કાર ક્યારેક શબ્દમાં સ્થિર થાય છે તો ક્યારેક રેખાઓમાં. કોઈ સંગીતકાર સુરાવલીમાં માની સ્મૃતિને મઢે તો એનાં અવાજમાં કે લયમાં પણ ચમત્કાર જોઈ શકાય છે. કોઈ નૃત્યકારને નૃત્યની ક્ષણે માનું સ્મરણ થાય તો તેની ગતિમાં ગતિમાં પણ ચમત્કાર જોઈ શકાય છે.

મા એટલે જન્મદાતા મા તો ખરી જ. પમ જેની આંખોમાં અમૃત દેખાય એ તમામ મા છે. મા પ્રત્યેક નારીમાં કોઈ અમૃતક્ષણે જાગી ઉઠે છે. મા કદી મરતી નથી. માનો દેહ ન હોય ત્યારે એનું વહાલ હવાના કણકણમાં વિખેરાઈને આલિંગન આપે છે. જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખોમાં લખવા ઘારેલા પત્રનો પ્રેમાળ જવાબ વંચાય તે મા.